**<u>એચ.આર.પી.દિવાની મુ.નં.૯૫/૨૦૨૩ ના કામે વાદીની આંક–૬ ની અરજી નીચે હુકમ</u>**

**<u>:: વાદી પક્ષે વિ.વકીલશ્રી જે.ડી. પટેલ</u>**

**<u>:: પ્રતિવાદી પક્ષે વિ.વકીલ શ્રી એમ. આર. પટવા</u>**

**૧.** વાદીએ આંક–૬ થી મનાઈ હુકમ મળવાની અરજી દાખલ કરી, સદર અરજીમાં જણાવ્યા મુજબની વિગતે કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

**૨.** હાલની આંક–૬ ની અરજીનો હુકમ સદર અરજી તળે કરવામાં આવતો હોય અને સદર હુકમ આંક–૬ની અરજીનો જ એક ભાગ હોય, જેથી વાદીની આંક–૬ ની અરજીનું પુનરાવર્તન કરવું જરૂરી જણાતું નથી.

**૩.** વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીના સમન્સ/નોટિસ પ્રતિવાદીને ધોરણસર બજવણી અર્થે મોકલતા જે બજી જતા પ્રતિવાદી તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને પ્રતિવાદીએ તેમના વિ.વકીલશ્રી મારફતે <u>આંક–૩૧ થી</u> વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીનો સંયુકતમાં લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદીએ લેખિતમાં કબૂલ કર્યા સિવાયની અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે. પ્રતિવાદીએ તેમના <u>આંક–૩૧ ના સંયુકત વાંધા જવાબમાં</u> વાદીની આંક–૧ ની દાવા અરજીનો તેમજ આંક–૬ ની મનાઈ હુકમની અરજીઓઓ પેરા વાઈઝ માત્ર ઈન્કાર જ કરેલ છે પરંતુ પ્રતિવાદીઓએ વિશેષ કોઈ રજુઆત તેમના વાંધા–જવાબમાં કરેલી નથી અને તેઓએ તેમના વાંધા–જવાબમાં મહદ અંશે વિશેષમાં એવું જણાવેલુ છે કે વાદીએ હાલનો દાવો કોઈ પણ પ્રકારના દાવાના કારણ વગર દાખલ કરેલ છે જેથી વાદીનો દાવો રદ્દ કરવા માટે પ્ર તિવાદીએ અરજ કરેલ છે.

**૪.** આ કામે વાદી તરફથી માર્ક–૪/૧ થી માર્ક–૪/૧૫ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે જયારે આ કામે પ્રતિવાદી તરફથી કોઈ દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલુ નથી. આ કામે કોર્ટ કમિશ્નર તરફથી રજુ કરવામાં આવેલ પંચ રોજકામ/પંચનામાનો કોર્ટ કમિશ્નર રિપોર્ટ માર્ક–૨૦/૧ થી રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે તેમજ આ કામે વાદી તરફથી આંક–૩૩ થી રીજોઈન્ડર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

**૫.** **<u>દલીલો :–</u>**

આ કામે બન્ને પક્ષકારોના વકીલશ્રીની દલીલો સાંભળી તેઓએ પ્લીડીંગ મુજબની જ દલીલો કરેલ હોય જેથી તેનું પુનરાવર્તન અત્રે કરવામાં આવેલ નથી.

**૬** **કારણો :–**

બન્ને પક્ષકારોના વિ.વ.શ્રી.ઓની રજુઆતો, દલીલો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. આ કામે પક્ષકારોના પ્લીડીંગ્સ તથા બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓએ કરેલ દલીલો ધ્યાને લેતા આ અરજીના નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ઓ ::**

મુદા નં.૧ : શું વાદી સાબિત કરે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

મુદા નં.૨ : શું વાદી સાબિત કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેણમાં છે ?

મુદા નં.૩ : શું વાદી સાબિત કરે છે કે જો માંગ્યા મુજબનો કામ ચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણામાં ન આંકી શકાય તેવું નુકશાન તેઓને જાય તેમ છે ?

મુદા નં.૪ : શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદાના મારા નિર્ણયો નીચેના કારણોસર નીચે મુજબ છે.

મુદા નં.૧ : નકારમાં,

મુદા નં.૨ : નકારમાં,

મુદા નં.૩ : નકારમાં,

મુદા નં.૪ : આખરી હુકમ મુજબ.

**૮.** **–: <u>નિર્ણયના કારણો</u> :–**

**<u>મુદ્દા નં.૧ થી ૩ સંયુકત :–</u>**

સૌ પ્રથમ તો સીવીલ પ્રોસીજર કોડ,૧૯૦૮ના હુકમ ૩૯, નિયમ ૧–૨ મુજબની દાદ સમન્યાયી પ્રકારની હોય વાદીએ ચોખ્ખા હાથે આવું પડે, જે મેળવવા વાદીએ ઉપરોકત ત્રણેય મુદ્દાઓ તેમની તરફેણમાં સાબિત કરવા પડે તેમજ આ અરજી નિર્ણીત કરતી વખતે કોર્ટે પુરાવાનું મુલ્યાંકન કરવાનું નથી, પરંતુ સોગંદનામા તથા રજુ થયેલ દસ્તાવેજો

ઉપરથી જ નકકી કરવાનું છે. મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ ચર્ચાનું પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર આ ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકસાથે કરેલ છે. વાદીની હાલની <u>આંક–૬ ની</u> અરજી તેમજ દાવાનું જરુરી રેકર્ડ વંચાણે લીધું તેમજ તે સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તેમજ બન્ને પક્ષકારોના વકીલશ્રીની દલીલો ધ્યાને લીધી.

(૮.૧). વાદી તરફથી માર્ક–૪/૧ થી માર્ક–૪/૧૫ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે. વાદીએ તેમની દાવા અરજી આંક–૧ ના પેરા–૨ માં જણાવ્યા મુજબ દાવાવાળી મિલ્કતના મુળ માલિક ન્યુ માણેક ચોક ટેક્ષ્ટાઈલ મીલની માલીકીની આવેલ અને તેમની પાસેથી ન્યુ ઈન્ડીયા એન્જીનીયરીંગ કોર્પોરેશન ધ્વારા પેટા ભાડે રાખેલ અને તેમના ધ્વારા સને–૧૯૭૦માં દાવાવાળી મિલ્કત દશરથભાઈ કાંતિલાલ પટેલને ભાડે આપવામાં આવેલી અને તેમના ધ્વારા ભગવતી ટ્રેડીંગ કું. નામની ભાગીદારી પેઢી ચાલુ કરેલી અને ત્યારથી તેઓ સદર મિલ્કતના કાયદેસર ના ભાડુઆત બનેલા તેવું વાદીએ જણાવેલ છે  પરંતુ વાદી તરફથી રજુ થયેલ માર્ક–૪/૧ વંચાણે લેતા તે મુજબ પ્રતિવાદી ઈન્ડીયા એન્જીનીયરીંગ કોર્પોરેશને મેસર્સ દશરથલાલ કાંતીલાલને ભાડુ આપવા માટે લેખિત જાણ કરેલી હતી પરંતુ હાલના વાદી દશરથલાલ કાંતીલાલ ની સાથે ભગવતી ટ્રેડીંગ કંપની નામની ભાગીદારી પેઢીમાં ધંધો ચલાવતા હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો વાદી તરફથી રજુ થયેલો નથી તેમજ વાદીએ દશરથલાલ કાંતીલાલનાઓને દાવામાં પક્ષકાર તરીકે જોડેલા નથી તેમજ વાદીએ દાવા અરજીના પેરા–૨ માં જણાવ્યા મુજબ દાવાવાળી વાદગ્રસ્ત મિલ્કત ચોકકસ કંઈ રીતે આ કામના પ્રતિવાદી તરફથી દશરથભાઈ કાંતીલાલ પટેલને ભાડે આપવામાં આવેલી હતી તે અંગેની કોઈ ભાડા ચિઠ્ઠી તેમજ કોઈ ભાડા કરાર વાદીએ રજુ કરેલો નથી તેમજ દશરથભાઈ કાંતિભાઈ પટેલનાઓ ધ્વારા ભગવતી ટ્રેડીંગ કું. નામની ભાગીદારી પેઢી ચાલુ કરેલી તે અંગેનો દસ્તાવેજી પુરાવો વાદીએ રજુ કરેલો નથી અને  દશરથભાઈ કાંતિભાઈ પટેલનાઓ ધ્વારા ભગવતી ટ્રેડીંગ કું. નામની ભાગીદારી પેઢી ચાલુ કરી ત્યારથી હાલના વાદી સદર વાદગ્રસ્ત મિલ્કતના કાયદેસર ના ભાડુઆત ચોકકસ કંઈ રીતે બનેલા હતા તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો વાદી તરફથી રજુ કરવામાં આવેલો નથી.

(૮.૨). વિશેષ ચર્ચા કરીએ તો વાદીએ દાવા અરજીના પેરા–૨ માં જણાવ્યા મુજબ

દાવાવાળી વાદગ્રસ્ત મિલ્કત મુળ માલિક ન્યુ માણેક ચોક ટેક્ષ્ટાઈલ મીલની માલિકીની આવેલી છે તેવું જણાવેલુ છે પરંતુ વાદગ્રસ્ત મિલ્કતના મુળ માલિક ન્યુ માણેક ચોક ટેક્ષ્ટાઈલ મીલ છે તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો વાદી તરફથી રજુ કરવામાં આવેલો નથી. વાદી તરફથી માર્ક–૪/૨ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની નોટીસની નકલ રજુ થયેલ છે જે વંચાણે લેતા તે મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્ષ મધ્ય ઝોન તરફથી વાદી પેઢી '' ભગવતી ટ્રેડીંગ કંપની '' તરફથી કોર્પોરેશનના ટેક્ષની રકમ રુપિયા ૧,૦૦,૦૦૦/– કરતા વધારે રકમ કોર્પોરેશનને ચુકવવાની બાકી હોવાથી ભગવતી ટ્રેડીંગ કંપનીની દુકાનને કોર્પોરેશન ધ્વારા શીલ મારવામાં આવેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે પરંતુ તે હકીકત વાદીએ તેમની દાવા અરજીમાં જણાવેલી નથી પરંતુ વાદીએ તેમની દાવા અરજીના પેરા–૨ માં એવો ઉલ્લેખ કરેલ છે કે દાવાવાળી મિલ્કત ઉપર અગાઉનો મ્યુનિસિપલ ટેક્ષ બાકી હતો તે આશરે રુપિયા ૨,૦૦,૦૦૦/– જેટલી રકમ વાદી ધ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જમા કરાવવામાં આવેલ છે પરંતુ સદર રકમ વાદીએ જમા કરાવેલ હોય તે અંગેની કોઈ જ પહોંચ વાદી તરફથી રજુ કરવામાં આવેલી નથી પરંતુ વાદીએ તે અંગે માત્ર માર્ક–૪/૬ થી માર્ક–૪/૧૧ સુધીની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશની ટેક્ષ નોટીસની જ નકલો રજુ કરેલી છે જેથી વાદીએ પ્લીડીંગમાં જણાવ્યા મુજબ દાવાવાળી મિલ્કત ઉપર અગાઉનો મ્યુનિસિપલ ટેક્ષ બાકી હતો તે બીલની આશરે રુપિયા ૨,૦૦,૦૦૦/– જેટલી ચડત રકમ વાદી ધ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જમા કરાવેલ હોવા અંગેની કોઈ જ હકીકતો હાલના તબકકે પુરવાર થતી નથી.

(૮.૩). વિશેષ ચર્ચા કરીએ તો વાદી તરફથી માર્ક–૪/૩ થી હકક પત્રક નં. ૬ ની નકલ રજુ થયેલ છે જે વંચાણે લેતા તે માત્ર પેટા ભાડા પટ્ટેદારની નોંધ થયા અંગેનું છે અને સદર નોંધ મુજબ તેમજ વાદી તરફથી રજુ થયેલા માર્ક–૪/૪ ના સીટી સર્વેના દસ્તાવેજી કાગળ મુજબ વાદગ્રસ્ત મિલ્કતમાં જુથના પટ્ટેદાર તરીકે ન્યુ માણેક ચોક મીલનું નામ ચાલતું હોવા અંગેની નોંધ છે તેમજ વાદીના જણાવ્યા મુજબ વાદગ્રસ્ત મિલકતના માલિક તરીકે ન્યુ માણેક ચોક ટેક્ષ્ટાઈલ મીલ છે પરંતુ વાદીના પ્લીડીંગ મુજબ એક તકકે માની લેવામાં આવે કે વાદગ્રસ્ત મિલ્કતના માલિક તરીકે ન્યુ માણેક ચોક ટેક્ષ્ટાઈલ મીલ છે તે અંગેનો કોઈ જ દસ્તાવેજી આધાર પુરાવો વાદી તરફથી પરંતુ વાદી તરફથી તેઓને પક્ષકાર તરીકે જોડેલા નથી.

**(૮.૪).** માર્ક–૪/૪ થી સીટી સર્વેનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે જે વંચાણે લેતા તેમાં ઉલ્લેખ કર્યા મુજબ જાથુના પટ્ટેદાર તરીકે ભગવતી ટ્રેડીંગ કંપનીને એટલે કે વાદી પેઢીને જાથુના પટ્ટેદાર તરીકે ઠરાવવામાં આવેલ છે તેમજ માર્ક–૪/૬ તેમજ તેમજ માર્ક–૪/૭ તેમજ માર્ક–૪/૯ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેકસ બીલમાં કબ્જેદાર તરીકે વાદી પેઢી ભગવતી ટ્રેડીંગ કંપનીનું નામ છે જયારે માર્ક–૪/૮ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેકસ બીલમાં તેમજ માર્ક–૪/૧૦ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટેકસ બીલના પૈસા ભર્યા અંગેની પહોંચમાં કબ્જેદાર તરીકે દશરથભાઈ કાંતિલાલ પટેલનું નામ છે તેમજ માર્ક–૪/૧૨ થી રજુ થયેલ ટોરન્ટ પાવર કંપનીના બીલમાં દશરથભાઈ કાંતિલાલનું નામ છે પરંતુ દશરથભાઈ કાંતિલાલ પટેલ સાથે વાદીને શું સંબંધ છે તે અંગે વાદી સાયલન્ટ રહેલા છે તેમજ દશરથભાઈ કાંતિલાલ પટેલ હાલના વાદી ભગવતી ટ્રેડીંગ કંપનીના ભાગીદાર છે અથવા તો માલિક/પ્રોપરાઈટર છે તેવો કોઈ પુરાવો વાદી તરફે રજુ કરવામાં આવેલો નથી તેમજ હાલના વાદી દશરથલાલ કાં તીલાલ ની સાથે ભાગીદારીમાં ભગવતી ટ્રેડીંગના નામે ધંધો કરતા હોય તેવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે ધંધાની નોંધણી અંગેનું પ્રમાણપત્ર રજુ નથી  તેમજ ભાગીદારી પેઢીની નોં ધણી અંગેના કોઈ પ્રમાણપત્ર વાદી તરફથી રજુ કરવામાં આવેલ નથી તેમજ શોપ એન્ડ એસ્ટાબ્લીશ મેન્ટ એકટ મુજબનો કોઈ દસ્તાવેજી પુરાવો વાદી તરફથી રજુ નથી તેમજ ગુમાસ્તા ધારા અંગેનું લાયસન્સ વાદી તરફથી રજુ નથી જેથી હાલના વાદી ભગવતી ટ્રેડીંગ કંપનીના ભાગીદાર છે અથવા તો માલિક/પ્રોપરાઈટર છે અથવા તો વાદી  દશરથલાલ કાંતીલાલ ની સાથે ભાગીદારીમાં ભગવતી ટ્રેડીંગના નામે ધંધો કરતા હોય તેવી હકીકતો હાલના તબકકે પ્રથમ દર્શનીય રીતે પુરાવો નોંધ્યા વગર પુરવાર થતી નથી.

**(૮.૫).** માર્ક–૪/૫ થી રજુ થયેલ ગામ નમુના નં.૭ અને ૧૨ વંચાણે લેતા તે મુજબ વાદગ્રસ્ત મિલ્કતમાં કબ્જેદાર તરીકે નાનાલાલ હીરાલાલનું નામ છે અને જાથુના પટ્ટેદાર તરીકે ન્યુ માણેક ચોક ટેક્ષ્ટાઈલ મીલ નું નામ છે અને પેટા પટેદાર તરીકે હાલના પ્રતિવાદી એટલે કે ન્યુ ઈન્ડીયા એન્જી. કોર્પોરેશન ઓફ બારડોલપુરા નું નામ છે પરંતુ સદર ગામ નમુના નં .૭ અને ૧૨ માં વાદગ્રસ્ત મિલ્કતના કબ્જેદાર તરીકે હાલના વાદીનું નામ જણાવવામાં આવેલુ નથી પરંતુ કબ્જેદાર તરીકે નાનાલાલ હીરાલાલનું નામ છે તેમજ વાદગ્રસ્ત મિલ્કતના મુળ માલિક કોણ છે તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ સદર ગામ નમુના નંબર ૭ અને ૧૨ માં કરવામાં

આવેલો નથી.

(૮.૬). માર્ક–૨૦/૧ થી રજુ થયેલ પંચ રોજકામ વંચાણે લેતા તેમાં કરવામાં આવેલ ઉલ્લેખ મુજબ વાદગ્રસ્ત જગ્યાએ લગાવવામાં આવેલ નોટીસ બોર્ડમાં એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે વાદગ્રસ્ત જમીન તથા બાંધકામ વાળી મિલ્કત એન.ટી.સી.ની માલિકીની છે અને પ્રતિવાદી ન્યુ ઈન્ડીયા એન્જીનીયરીંગ કોર્પોરેશન ઓફ બારડોલપુરા તેઓના ભાડુઆત છે પરંતુ આ કામના પ્રતિવાદી ન્યુ ઈન્ડીયા એન્જીનીયરીંગ કોર્પોરેશન દાવાવાળી વાદગ્રસ્ત મિલ્કતના માલિક હોય તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો વાદી તરફથી રજુ કરવામાં આવેલો નથી તેમજ દાવાવાળી મિલકતના મુળ માલિકને વાદીએ હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલા નથી તેમજ વાદીએ દાવાવાળી મિલકતના મુળ માલિક ન્યુ માણેક ચોક ટેક્ષ્ટાઈલ મીલ્સ કે જે નેશનલ ટેક્ષ્ટાઈલ કોર્પોરેશનનું યુનિટ છે તેઓને વાદીએ હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલા નથી. વિશેષ ચર્ચા કરીએ તો દાવાવાળી વાદગ્રસ્ત મિલ્કતના માલિક ન્યુ માણેક ચોક ટેક્ષ્ટાઈલ મીલ્સ કે જે નેશનલ ટેક્ષ્ટાઈલ કોર્પોરેશનનું યુનિટ છે તેની નોંધ માર્ક–૪/૯ માં છે પરંતુ વાદગ્રસ્ત મિલ્કતના માલિક નેશનલ ટેક્ષ્ટાઈલ કોર્પોરેશનનું યુનિટ છે તેઓએ ન્યુ ઈન્ડીયા એન્જીનીયરીંગ કોર્પોરેશનને વાદગ્રસ્ત મિલ્કત કંઈ રીતે ભાડે આપેલી છે તે અંગેની કોઈ સ્પષ્ટતા વાદી તરફથી સબળ દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરીને કરવામાં આવેલી નથી.

(૮.૭). આમ, ઉપરોકત વિગતેના વાદી તરફથી રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા તે મુજબ દાવાવાળી વાદગ્રસ્ત મિલ્કત વાદીને તે મિલ્કતના કયાં ચોકકસ મુળ માલિકોએ ભાડે આપેલી હતી તે અંગેની કોઈ જ સ્પષ્ટતા વાદી તરફથી તેમના પ્લીડીંગમા કરવામાં આવેલ નથી તેમજ તે અંગેનો કોઈ જ દસ્તાવેજી આધાર પુરાવો વાદી તરફથી રજુ કરવામાં આવેલો નથી તેમજ દાવાવાળી વાદગ્રસ્ત મિલ્કતના માલિક ન્યુ માણેક ચોક ટેક્ષ્ટાઈલ મીલ્સ કે જે નેશનલ ટેક્ષ્ટાઈલ કોર્પોરેશનનું યુનિટ છે તેઓને હાલના દાવાના કામે વાદીએ પક્ષકાર તરીકે જોડેલા નથી. વધુમાં ચર્ચા કરીએ તો વાદી તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા મુજબ દાવાવાળી મિલ્કત આ કામની પ્રતિવાદી ન્યુ ઈન્ડીયા એન્જીનીયરીંગ કંપની, બારડોલપુરા ના વહીવટ કર્તાએ આ કામની વાદી પેઢી મે. ભગવતી ટ્રેડીંગ કંપનીને ભાડે આપેલી છે તેવું પ્રથમ દર્શનીય રીતે જણાય છે પરંતુ તે વાદગ્રસ્ત મિલ્કત તે

જુથના પટ્ટેદાર ન્યુ માણેક ચોક ટેક્ષટાઈલ મીલ્સ ને પટેથી આપવામાં આવેલી છે પરંતુ વાદીએ ન્યુ માણેક ચોક ટેક્ષટાઈલ મીલ્સને હાલના દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલા નથી તેમજ ન્યુ ઈન્ડીયા એન્જીનીયરીંગ કોર્પોરેશન વાદગ્રસ્ત મિલ્કતના માલિક છે તે અંગેનો કોઈ જ દસ્તાવેજી આધાર પુરાવો વાદી તરફથી રજુ કરવામાં આવેલો નથી તેમજ આ કામના પ્રતિવાદી શ્રીમતિ રજનીબેન મનહરભાઈ ભગત નાઓ સદર કંપનીના માલિક/પ્રોપરાઈટર છે તે અંગેનો કોઈ જ દસ્તાવેજી આધાર પુરાવો વાદી તરફથી રજુ કરવામાં આવેલ નથી.

(૮.૮). વાદીના વકીલશ્રી તરફથી તેમની દલીલના સમર્થનમાં નીચે જણાવ્યા મુજબનો નામદાર મુંબઈ હાઈકોર્ટનો ચુકાદો રજુ કરવામાં આવેલ છે.

Ramjisingh Bhuliansingh V/s. Tarun K. Shah and Ors.
Equivalent Citations 2002 (6) Bom CR 63

વાદીના વકીલશ્રી તરફથી રજુ કરવામાં આવેલ ઉપરોકત ચુકાદાની હકીકતો અને હાલના દાવાની હકીકતો ભિન્ન છે જેથી સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો હાલના દાવાના કામે મદદરુપ થાય તેમ નથી. વાદીના વકીલશ્રીની દલીલો તેમજ વાદીના વકીલશ્રી તરફથી રજુ કરવામાં આવેલ ઉપરોકત ચુકાદા સંદર્ભે વિશેષ ચર્ચા કરીએ તો વાદગ્રસ્ત મિલ્કતના માલિક નેશનલ ટેક્ષ્ટાઈલ કોર્પોરેશનનું યુનિટ છે તેઓએ ન્યુ ઈન્ડીયા એન્જીનીયરીંગ કોર્પોરેશનને વાદગ્રસ્ત મિલ્કત કંઈ રીતે ભાડે આપેલી છે તે અંગેનો કોઈ જ દસ્તાવેજી આધાર પુરાવો વાદી તરફથી રજુ કરવામાં આવેલો નથી જેથી ઉપરોકત વિગતવાર ચર્ચા કર્યા મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાની કોઈ જ હકીકતો હાલના તબકકે પ્રથશ દર્શનીય રીતે ફલીત થતી નથી તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી જેથી વાદીના વકીલશ્રીની દલીલો તેમજ વાદીના વકીલશ્રી તરફથી રજુ કરવામાં આવેલ ઉપરોકત ચુકાદો ગ્રાહ્ય રાખવાપાત્ર નથી જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીએ હાલની અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણામાં ન આંકી શકાય તેવું નુકશાન થાય તેવું હાલના તબકકે પ્રથમ દર્શનીય રીતે માનવાને કારણ રહેતું નથી જેથી વાદીની હાલની અરજી મંજુર કરવી ન્યાયી અને વ્યાજબી જણાતી નથી.

(૮.૯) આમ, ઉપરોકત વિગતે ચર્ચા કર્યા મુજબ હાલના તબકકે પુરાવો લીધા વગર હાલની અરજીનો માત્ર નિર્ણય કરવાના તબકકે વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી તેવું પુરાવો નોંધ્યા વગર હાલના તબકકે મનાઈ હુકમની અરજીનો નિર્ણય કરવાના તબકકે માનવાને કારણ

રહે છે. વાદી જયારે કામચલાઉ મનાઈ હુકમ પ્રકારની દાદ મેળવવા માંગતા હોય ત્યારે વાદીએ પ્રથમ દર્શનીય કેસ બતાવવો જરુરી છે પરંતુ ઉપરોકત વિગતવાર ચર્ચા કર્યા મુજબ તે હકીકત પ્રથમ દર્શનીય રીતે પુરવાર કરવામાં વાદી નિષ્ફળ નિવડેલ છે જેથી સગવડતા–અગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં નથી. આ તબકકે સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ અનુમાન માત્ર આંક–૬ ની મનાઈ હુકમની અરજીના નિર્ણય માટે કરવામાં આવેલ છે જેથી આ અનુમાન ભવિષ્યમાં પક્ષકારોની તકરારના ગુણદોષને અસરકર્તા રહેશે નહીં.

**(૮.૧૦)** આમ, ઉપરોકત વિગતવાર ચર્ચા કર્યા મુજબ તેમજ રેકર્ડ ઉપરનો રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા, વાદી પોતાનો પ્રાયમાફેસી કેસ પુરવાર કરવામાં સફળ રહેલા નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાની હકીકતો પુરવાર થતી નથી તેમજ વાદીને નાણાથી બદલો ન વળી શકે તેવુ નુકશાન થવાની સંભાવના હોવાની હકીકત વાદી પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત તમામ ચર્ચાઓ અને દલીલો તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું હાલના તબકકે સ્પષ્ટ થતું નથી જેથી વાદીએ આંક–૬ ની અરજીમાં માંગેલ દાદ મંજુર થવા પાત્ર નથી તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે, જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ ''નકારમાં'' આપી, મુદ્દા નંબર–૪ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

વાદીની આંક–૬ ની કામ ચલાઉ મનાઈ હુકમ મળવાની અરજી આથી ના–મંજુર યાને કે રદ્દ કરવામાં આવે છે.

આ અરજીનો ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

આ હુકમ આજ તારીખ ર૪મી, માહે–જાન્યુઆરી, સને–ર૦ર૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–ર૪/૦૧/ર૦ર૪
સ્થળ :– અમદાવાદ

(વી.એસ. દવે)
ચેમ્બર જજ (સ્મોલ કોઝ કોર્ટ નં.૧૩)
અમદાવાદ
[JUDGE CODE No. GJ-01138]